અપીલ અરજી નં.૨૨૧ તા.૨૧–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલની તા.૨૫–૮–૦૯ની બે અરજી પૈકી આઈ ડી નં.૨૮૨ થી પ્રથમ અરજી મુદ્દા નં.૧ બમરોલી ગામના સુરત સીટીના બ્લોક નં.૨૮૪નીખેતીની જમીન બિન ખેતીની થયેલ છે તેના હુકમ નંબર અને તારીખ મુદ્દા નં.ર તેનો દસ્તાવેજ થયેલો છે? સાઈટ પ્લાન બનાવેલ છે? એસટીમેન્ટ બતાવેલ છે, મકાનની આકારણી કરેલ છે અને કોણે કરી છે? ત્યાં ઘણા મકાનો બનેલ છે તેવા બાંધકામના પ્લાનો કોણે મંજુર કર્યા?બાંધકામ તથા હુકમની નકલની માહિતી આપવા બાબત.આઈ ડી નં.૨૮૩ બીજી અરજીથી બમરોલી સ્કુલ ફળીયામાં ગામતળ પ્રવિણભાઈ પ્રેમાભાઈએ બાંધેલા મકાનની પરવાનગી કોણે અને કયારે આપી?સદર મિલ્કતમાં ભાણાભાઈ પ્રેમાભાઈ અને શાંતિબેન પ્રેમાભાઈના હકો ચાલ્યા આવેલા છે તો એ હકો કોણે કમી કર્યા? કયા ઠરાવ નંબર અને તારીખથી કમી થયેલ છે? બીજા વારસદારોની સંમતિ લીધી છે? જો સંમતિ ન લીધી હોય તો કયા કાનૂન આધારે બીજા વારસદારોના નામો કોણે કાઢી નાંખ્યા? બાંધકામની પરવાનગી કેવી રીતે આપી? પ્રવિણભાઈને કોણે બાંધકામ પૂર્ણ કરાવેલ? બાંધકામ પ્લાન અને મંજુરીની નકલ,બીજા વારસદારોનો હક છીનવાઈ ગયેલ છે તેના જવાબદાર કોણ છે? મંજુર કરેલ પ્લાનનો નકશાની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજુકરની તા.૧૬/૨૧–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૧/૨૦૦૯–૧૦

શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલની તા.૨૫–૮–૦૯ની બે અરજી પૈકી આઈ ડી નં.૨૮૨ થી પ્રથમ અરજી મુદ્દા નં.૧ બમરોલી ગામના સુરત સીટીના બ્લોક નં.૨૮૪નીખેતીની જમીન બિન ખેતીની થયેલ છે તેના હુકમ નંબર અને તારીખ મુદ્દા નં.ર તેનો દસ્તાવેજ થયેલો છે? સાઈટ પ્લાન બનાવેલ છે? એસટીમેન્ટ બતાવેલ છે, મકાનની આકારણી કરેલ છે અને કોણે કરી છે? ત્યાં ઘણા મકાનો બનેલ છે તેવા બાંધકામના પ્લાનો કોણે મંજુર કર્યા?બાંધકામ તથા હુકમની નકલની માહિતી આપવા બાબત.આઈ ડી નં.૨૮૩ બીજી અરજીથી બમરોલી સ્કુલ ફળીયામાં ગામતળ પ્રવિણભાઈ પ્રેમાભાઈએ બાંધેલા મકાનની પરવાનગી કોણે અને કયારે આપી?સદર મિલ્કતમાં ભાણાભાઈ પ્રેમાભાઈ અને શાંતિબેન પ્રેમાભાઈના હકો ચાલ્યા આવેલા છે તો એ હકો કોણે કમી કર્યા? કયા ઠરાવ નંબર અને તારીખથી કમી થયેલ છે? બીજા વારસદારોની સંમતિ લીધી છે? જો સંમતિ ન લીધી હોય તો કયા કાનૂન આધારે બીજા વારસદારોના નામો કોણે કાઢી નાંખ્યા? બાંધકામની પરવાનગી કેવી રીતે આપી? પ્રવિણભાઈને કોણે બાંધકામ પૂર્ણ કરાવેલ? બાંધકામ પ્લાન અને મંજુરીની નકલ,બીજા વારસદારોનો હક છીનવાઈ ગયેલ છે તેના જવાબદાર કોણ છે? મંજુર કરેલ પ્લાનનો નકશાની માહિતી બાબતે જવાબ નહીં મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬/૨૧–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૪ તા.૨૭–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ અરજીમાં કઈ અરજી સામે અપીલ છે જે અરજી સામે અપીલ હોય તેની કઈ માહિતી મળેલ નથી અને કઈ માહિતી મળેલ છે? તે પૈકી કઈ માહિતી સામે નારાજગી છે? અને કઈ વિગતે તે અંગેના આધાર પુરાવા કે તેના વાજબીપણાના કારણો વિગેરેનું વિવરણ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬૪૪ તા.૯–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સીટી તલાટી બમરોલી/વડોદના પત્ર નં.ઈ.એસટી/રા.ટુ.ઈ/અરજી/વશી/૩૮૦૯ તા.૮–૧૦–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ પત્રની નકલ, અરજદારની આઈ ડી નં.૨૮૩ તા.૨૫–૮–૦૯ ની મુળ અરજીની નકલ, નં.સા.ઝોન/ટેક./૩૭૦૩ તા.૧૬–૯–૦૯ ની માહિતી પત્રકની નકલ, નં.સા.ઝોન/ટેક./૪૩૭૭ તા.૧૬–૧૦–૦૯ ના માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે તથા સેકશન ઓફિસર સા.ઝોન ઉધનાના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૩૧ તા.૧૧–૧૧–૦૯ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૯૫ તા.૧૬–૯–૦૯ પત્રની નકલ તથા તે યુપીસીથી પોસ્ટ કર્યાની વિગત આઈ ડી નં.૨૮૨ તા.૨૫–૮–૦૯ ની અરજીની નકલ, આઈ ડી નં.૨૮૩ તા.૨૫–૮–૦૯ ની અરજીની નકલ, તથા ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૫૦૮ તા.૫–૯–૦૯ થી તલીટી બમરોલીને તબદીલ કર્યા અંગેની પત્રની નકલ તથા સા.ઝોન/ટેક. આનં.૩૪૭૯ તા.૪–૯–૦૯ થી ડે.કલેકટર એન.એ. શાખા તબદીલ કર્યાના પત્રની નકલ અને નંસા.ઝોન/ટેક./૩૭૦૨ તા.૧૬–૯–૦૯ થી અરજદારને આપેલી માહિતી પત્રની નકલ, ડે.કલેકટર સુરત તરફથી તા.૧૯–૯–૦૯ ના પત્રથી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તા.૨૭–૧૦–૦૯ ના પત્ર પાઠવી તક આપવા છતાં અરજદાર તરફથી કઈ અરજી સામે અપીલ તથા મળેલી માહિતી બાબતે કે નારાજગી બાબતે કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૫–૮–૦૯ થી કરેલી બંને અરજીઓ પૈકી આઈ ડી નં.૨૮૨ થી ઉપરોકત વિષયે માંગવામાં આવેલી માહિતી બાબતે મુદ્દા નં.૧ માટે સા.ઝોન/ટેક./આ.નં.૩૪૭૯ તા.૪–૯–૦૯ થી ડે.કલેકટર એન.એ. શાખામાં તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે ડે.કલેકટર નિવાસી અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તા.૧૯–૯–૦૯ થી મોજે બમરોલી તા.સીટીના બ.નં.૨૮૪ વાળી જમીન અંગે બિન ખેતીની પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવતા પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે મુદ્દા નં.ર પ્લાનોની મંજુરી બાબતે પત્ર નં.સા.ઝોન/ટેક./૩૭૦૨ તા.૧૬–૯–૦૯ થી બમરોલી ગામના બ્લોક નં.૨૮૪ ની બાંધકામ બાબતની સુડા વિભાગ ધ્વારા મંજુરી આપવામાં આવેલી હતી જેની પ્રમાણિત નકલ મેળવવા પાનાદીઠ રૂ.ર/– પ્રતિ ૫ પાનાના રૂ.૧૦/– તથા મંજુરી લે આઉટની પ્રમાણિત એમોનીયા કોપી રૂ.૧ ૦૦૦/– પ્રતિ ચો.મી. લેખે રૂ.૭૫૦/– કુલ્લે મળી રૂ.૭૬૦/– ભરપાઈ કરીને નકલો મેળવવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. તથા આકારણી બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૯૯૫ તા.૧ ૬–૯–૦૯ થી " બમરોલીનો નવો વિસ્તાર તા.૧–૪–૦૬ થી સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. બ્લોક નં.૨૮૪ તી ૨૭૫, ૨૭૬ એમ કુલ ત્રણ બ્લોક ઉપર બાલકૃષ્ણ ઈન્ડ. સોસા. અસ્તિત્વ ધરાવતી હોય જે અત્રેની આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૨૫–૮–૦૯ થી કરેલી આઈ ડી નં.૨૮૩ થી ઉપરોકત વિષયમાં માંગવામાં આવેલી માહિતી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને લાગુ માહિતી બાબતે જણાવવાનું કે ગામ બમરોલી સ્કુલ ફળીયામાં ગામતળના પ્રવિણભાઈ પ્રેમાભાઈના બાંધકામ બાબતની મંજુરી બાબતની ફાઈલ અત્રે રજૂ કરેલ છે. જેની કાર્યવાહી ચાલુ છે. તેવી માહિતી નં.સા.ઝોન/ટેક./૩૭૦૩ થી આપવામાં આવેલ છે. તથા બાકીની માહિતી માટે આપની અરજી સા.ઝોન/ટેક./આ.નં.૩૫૦૮ તા.૫–૯–૦૯ થી તલાટી બમરોલીને તબદીલ કરવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે તથા પત્ર નં.સા.ઝોન/ટેક./૪૩૭૩ તા.૧૬–૧૦–૦૯ થી તબદીલ અરજી પરત આવતાં બાકીની વિગતો અત્રે ઉપલબ્ધ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અત્રે લાગત સત્તા મંડળને સ્પર્શતી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારને આપેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં બ્લોક નં.૨૮૪ ની માહિતી માંગવામાં આવેલ છે અને તમોએ ૨૮૨ તથા ૨૮૩ ની માહિતી યોગ્ય ઠરાવે તે ખોટી હકીકત છે. કેમકે ૨૮૨ તથા ૨૮૩ બિન ખેતી કરાવેલ છે જયારે બ્લોક નં.૨૮૪ બિન ખેતી કરેલ નથી છતાં તેમાં બાંધકામો થયેલા છે અને હાલમાં ચાલે છે તેવી રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે બાંધકામો ચાલે છે તે બાબતે કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૮–૦૯ ની બંને અરજીઓથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ તા.૧૬–૯–૦૯ ના પત્રમાં જણાવેલ બાંધકામની મંજુરીની નકલ ફી ના રૂ.૧૦/– તથા મંજુર લે આઉટની પ્રમાણિત એમોનીયાની કોપી રૂ.૭૫૦/– ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે

અરજદારે બ્લોક નં.૨૮૪ માં બાંધકામો ચાલે છે તે અંગે અપીલ તબકકે કરેલ રજૂઆત કાર્યવાહીને લગતી બાબત હોઈ સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૧ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલ